| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૦૬ | ૦૮ | ૨૦૨૫ |
| **રજી.તારીખ** | ૦૬ | ૦૮ | ૨૦૨૫ |
| **ફેસલ તારીખ** | ૨૮ | ૦૪ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં. ૯૧૯/ ૨૦૨૫**

**આંક–૧૯**

**ફરીયાદી** – શ્રી સરકાર

શેઠવડાળા પો.સ્ટે.ગુ.રજી.નં.૦૨૬૨/૨૦૨૪

**વી.**

આરોપી – **(૧) અશોકભાઇ હકાભાઇ પાટડીયા**

ઉ.વ.૩૦, ધંધો–મજુરી

રહે. જુની આંબરડી ગામ,

તા.જામજોધપુર, જિ.જામનગર

**(૨) હરપાલસિંહ દીલીપસિંહ જાડેજા**

ઉ.વ.૩૨, ધંધો–ખેતી,

રહે.ધ્રાફા ગામ

તા.જામજોધપુર, જિ.જામનગર

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(એ)(એ), ૮૧**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એસ.આઇ.બ્લોચ |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૨૮–૦૯–૨૦૨૪ ના રોજ કલાક ૦૯:૨૦ વાગ્યે જુની આંબરડી ગામ, ખોડીયાર માતાજીના મંદીર પાસે જાહેર રોડ ઉપર આ કામના આરોપી નં.૧ એ પોતાના કબ્જામાં દેશી દારૂની પારદર્શક પ્રવાહી ભરેલી કોથળિઓ નંગ–૩૦ રાખી મળિ આવેલ હોય જે ગેરકાયદેસર પીવાનો દારૂ લીટર–૧૫ કિ.રૂ.૩૦૦૦/– નો રાખી પકડાઇ જઇ ગુન્હો કરેલ તેમજ આ કામના આરોપી નં.૧ વાળાએ આરોપી નં.૨ ને દેશી દારૂ પુરો પાડી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ આ બાબતે ફરિયાદીએ આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબ ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ કોર્ટમાં હાજર થતા તેને બી.એન.એસ.એસની કલમ – ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૬ અને ૦૭ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | મગનભાઇ કાનજીભાઇ વાલવા | ૧૦ |
| ૨ | પંચ સાહેદ | અજયસિંહ ઇન્દ્રસિંહ ચુડાસમા | ૧૪ |
| ૩ | ફરીયાદી | વરજાંગભાઇ કાનાભાઇ કટારા | ૧૬ |
| ૪ | ત.ક.અ. | સહદેવસિંહ હકુભા જાડેજા | ૧૮ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૧૧ |
| ૨ | ફરીયાદ | ૧૭ |

(૪) ત્યાર બાદ પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૩૫૧ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૮-૦૯-૨૦૨૪ ના રોજ કલાક ૦૯:૨૦ વાગ્યે જુની આંબરડી ગામ, ખોડીયાર માતાજીના મંદીર પાસે જાહેર રોડ ઉપર આ કામના આરોપી નં.૧ એ પોતાના કબ્જામાં દેશી દારૂની પારદર્શક પ્રવાહી ભરેલી કોથળિઓ નંગ-૩૦ રાખી મળિ આવેલ હોય જે ગેરકાયદેસર પીવાનો દારૂ લીટર-૧૫ કિ.રૂ.૩૦૦૦/- નો રાખી પકડાઈ જઈ ગુન્હો કરેલ તેમજ આ કામના આરોપી નં.૧ વાળાએ આરોપી નં.૨ ને દેશી દારૂ પુરો પાડી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

૭.૧ આ ફરીયાદ મુદ્ધામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદોએ જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરીમાં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળામાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી જેથી સદરહુ પંચસાહેદના પુરાવાથી આ કામે રજુ થયેલ રીકવરી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી.

૭.૨ ફરીયાદપક્ષે ફરીયાદી તેઓની આંક–૧૬ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૨૮/૦૯/૨૦૨૪ ના રોજ અમો તથા સ્ટાફના પો.કો.રાજવીરસિંહ જગદીશસિંહ પરમાર તથા પો.કો.અનિલ રતિલાલ વકાતર તથા પો.કો.અર્જુનભાઈ રામભાઈ ડુવા એ રીતેના પોલિસ સ્ટાફના માણસો એ.એસ.આઈ.એસ.એચ.જાડેજા સાથે ક.૦૪:૦૦ થી પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૦૯:૨૦ વાગ્યે જુની આંબરડી ગામ ખોડીયાર માતાજીના મંદીર પાસે પહોંચતા જાહેરમાં રોડ પર એક ઇસમ શંકાસ્પદ હાલતમાં હાલતો જોવામાં આવતા તુરત જ બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ અશોકભાઈ હકાભાઈ પાટડીયા રે.જુની આંબરડી ગામ તા.જામજોધપુરવાળા હોવાનું જણાવેલ. મજકુર ઇસમની પંચો રૂબરૂ અંગઝડતી કરતા હાથમાં થેલી જોવામાં આવેલ જે થેલી પંચો રૂબરૂ ખોલી જોતા તેમાંથી પારદર્શક પ્રવાહી ભરેલ કોથળીઓ નંગ–૩ આશરે ૫–૫ લિટર ની જોવામાં આવેલ જે પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી દારૂ લિ–૧૫ કિંમત રૂ.૩૦૦૦/– નો મુદામાલ મળી આવેલ. તેમાંથી એક સેમ્પલ બોટલ ભરી સાથેના એ.એસ.આઈ.એસ.એચ.જાડેજાનાઓએ પંચનામાની વિગતે કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. મજકુર ઇસમને સદર દારૂનો જથ્થો કોની પાસેથી લાવેલ તે અંગે પુછપરછ કરતા

ધ્રાફા ગામના હરપાલસિંહ દીલીપસિંહ જાડેજાનાઓ પાસેથી લાવેલાનું જણાવેલ. મજકુર ઇસમો સામે પ્રોહી એકટ કલમ ૬૫ એએ, ૮૧ મુજબના ગુના અંગેની ફરિયાદ અમોએ એ.એસ.આઇ.એસ.એચ.જાડેજા રૂબરૂની આપેલ. તેઓને ફચયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૧૭ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર વિસ્તાર છે.એ વાત ખરી છે કે માણસોની તથા વાહનોની સતત અવરજવર રહે છે. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે રેડવારી જગ્યાની માલિકી અંગેના કોઇ આધારો ફરીયાદ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી નં.૨ પાસેથી કોઇ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પંચો રૂબરૂ મુદામાલ મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ.

૭.૨ ફરીયાદપક્ષે ત.ક.અ. તેઓની આંક–૧૮ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૨૮/૦૯/૨૦૨૪ ના રોજ અમો તથા સ્ટાફના પો.કો.રાજવીરસિંહ જગદીશસિંહ પરમાર તથા પો.કો.અનિલ રતિલાલ વકાતર તથા પો.કો.અર્જુનભાઇ રામભાઇ ડુવા એ રીતેના પોલિસ સ્ટાફના માણસો સાથે ક.૦૪:૦૦ થી પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૦૯:૨૦ વાગ્યે જુની આંબરડી ગામ ખોડીયાર માતાજીના મંદીર પાસે પહોંચતા જાહેરમાં રોડ પર એક ઇસમ શંકાસ્પદ હાલતમાં હાલતો જોવામાં આવતા તુરત જ બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ અશોકભાઇ હકાભાઇ પાટડીયા રે.જુની આંબરડી ગામ તા.જામજોધપુરવાળા હોવાનું જણાવેલ. મજકુર ઇસમની પંચો રૂબરૂ અંગઝડતી કરતા હાથમાં થેલી જોવામાં આવેલ જે થેલી પંચો રૂબરૂ ખોલી જોતા તેમાંથી પારદર્શક પ્રવાહી ભરેલ કોથળીઓ નંગ–૩ આશરે ૫–૫ લિટર ની જોવામાં આવેલ જે પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી દારૂ લિ–૧૫ કિંમત રૂ.૩૦૦૦/– નો મુદામાલ મળી આવેલ. તેમાંથી એક સેમ્પલ

બોટલ ભરી અમોએ પંચનામાની વિગતે કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. મજકુર ઇસમને સદર દારૂનો જથ્થો કોની પાસેથી લાવેલ તે અંગે પુછપરછ કરતા ધ્રાફા ગામના હરપાલસિંહ દીલીપસિંહ જાડેજાનાઓ પાસેથી લાવેલાનું જણાવેલ. મજકુર ઇસમો સામે પ્રોહી એકટ કલમ ૬૫ એએ,૮૧ મુજબના ગુના અંગેની ફરિયાદ સાથેના પો.કો.વરજાંગભાઈ કાનાભાઈ કટારાનાઓએ અમારા રૂબરૂની આપેલ. સદર ગુનો રજીસ્ટર કરી તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઇ આરોપીઓ ધોરણસર અટક કરેલ. મુદામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ઇન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર વિસ્તાર છે અને માણસોની તથા વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ. નો રીપોર્ટ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે આરોપી નં.૨ નું નામ આરોપી નં.૧ ની કસ્ટડી દરમ્યાનની કબુલાતના આધારે ખુલવા પામેલ છે. એ વાત ખરી છે કે આરોપી નં.૨ પાસેથી કોઇ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઇ મુદામાલ મળી આવેલ ન હોય ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેની ફરીયાદ ને સમર્થન આપવા કામગીરી બતાવવા ખોટું ચાર્જશીટ કરેલ.

૭.૩ આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચસાહેદોને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદો જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળમાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી તેમને ફરી ગયેલા જાહેર કર્યા બાદ તેમની ઉલટ

તપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષ પંચનામા સંબંધે કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્દામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદ ને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામા ને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

૭.૪ આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

૮. આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપીના કબ્જામાંથી પંચનામાની વિગતે પ્રતિબંધીત પ્રોહી. મુદામાલ મળિ આવેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોનો પડેલ પુરાવો ધ્યાને લેતા તેઓએ માત્ર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવેલ આંક–૧૧ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચોની હાજરીમાં આરોપીના કબ્જામાંથી પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાની હકીકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી આંક–૧૧ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી. વિશેષમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતા પણ પંચનામું પુરવાર થયેલ છે તેમ માની શકાય નહીં. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળિ જગ્યા જાહેર જગ્યા હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળિ આવે તેમ હોવા છતા આરોપીના કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકીકત પુરવાર કરવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસ દરમીયાન ત.ક.અ. એ નોંધેલ હોય તેવું ફલીત થતુ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન લેવા પાછળનું

કોઈ યોગ્ય કારણ પણ ત.ક.અ.ના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી તેમજ એવો કોઈ રીપોર્ટ રજૂ કરવા માટે ત.ક.અમલદાર દ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આ કામે પકડાયેલ મુદ્દામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્દામાલ પ્રતિબંધિત પ્રોહી મુદમાલ હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. આમ, બનાવના સમય અને સ્થળેથી આરોપી નં.૧ ના પ્રત્યક્ષ અને સભાન કબ્જા અને ભોગવટામાંથી પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો અને આરોપી નં.૨ ના એ મદદગારી કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે પોલીસ સાહેદોના પુરાવાને આ કોર્ટ નકારતી નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ પોલીસ સાહેદોના પુરાવાને જયારે અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો હોય તેમજ પકડાયેલ જથ્થો પ્રોહી મુદામાલ હતો તે દશાવતો કોઇ પુરાવો આ કામે રજુ થયેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓ પાસે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકિકત શંકાથી પર પુરવાર થતી ન હોય આમ, આ કામે આરોપીઓ સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.૨ નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## – હુ ક મ –

(૧) આ કામના આરોપી **:(૧) અશોકભાઇ હકાભાઇ પાટડીયા** ઉ.વ.૩૦, ધંધો–મજુરી રહે. જુની આંબરડી ગામ, તા.જામજોધપુર, જિ.જામનગર **(૨) હરપાલસિંહ દીલીપસિંહ જાડેજા** ઉ.વ.૩૨, ધંધો–ખેતી, રહે.ધ્રાફા ગામ તા.જામજોધપુર, જિ.જામનગર નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ),૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનાં પ્રોહીબીશન મુદ્દામાલ અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીઓએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૨૮ , માહે : એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર
તારીખ : ૨૮–૦૪–૨૦૨૬.

**( નરેશકુમાર રમેશભાઇ ગોહેલ )**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.જામજોધપુર .
જજ કોડ : જીજે–૦૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો